ગુજરાતની સહકારી પ્રવૃત્તિનું મુખપત્ર

# સહકાર

દર મહિનાની પાંચમી અને વીસમીએ પ્રગટ થતું પાક્ષિક

ગુજરાત રાજ્ય સહકારી સંઘ, 'સહયોગ' રિલીફ રોડ, અમદાવાદ-380 001 • Fax No. (079) 25351360 • Phone : 25352220 • Email : sahakarguj1850@gmail.com

Accredited by NABARD, C-PEC (BIRD), Lucknow as Centre for Professional Excellence in Cooperatives.

સંપાદક મંડળ: ઘનશ્યામભાઈ એચ. અમીન ▪ ભીખાભાઈ જ. પટેલ ▪ તંત્રી : ડો. રાજેન્દ્ર સી. ત્રિવેદી ▪ વર્ષ : 74 ▪ અંક : 05 ▪ તારીખ : 05, જૂન, 2026 ▪ વાર્ષિક લવાજમ રૂપિયા 80.00 ▪ કિંમત રૂા. 3.00

SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO's, Ahmedabad city on permitted to post at and Ahmedabad Unaccountable L1 on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 valid upto 31-12-2026.

## યુનિવર્સિટીની મળેલ માન્યતા

# ગુજરાત રાજ્ય સહકારી સંઘના ચાર સહકારી તાલીમ કેન્દ્રોને ત્રિભુવન સહકારી યુનિવર્સિટીની મળેલી માન્યતા

ત્રિભુવન સહકારી યુનિવર્સિટીએ ગુજરાત રાજ્ય સહકારી સંઘ સંચાલિત 4 સહકારી તાલીમ કેન્દ્રો (JCTC)નું ઈન્સ્પેક્શન કરી કેન્દ્રોનું અદ્યતન ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ક્લાસરૂમની સુવિધા, કોમ્પ્યુટર લેબ, બેઠક વ્યવસ્થા, રહેઠાણ વ્યવસ્થા, ભોજનાલય તથા ફેકલ્ટી સ્ટાફના ક્વોલીફિકેશન અને અનુભવને ધ્યાનમાં લઈને તેમજ અન્ય બાબતોનું મૂલ્યાંકન કરી સુરત, નારી-ભાવનગર, અમદાવાદ અને નડીયાદ કેન્દ્રોને ત્રિભુવન સહકારી યુનિવર્સિટી માન્ય વિવિધ સર્ટિફિકેટ કોર્ષ ચલાવવાનું એફિલેશન (માન્યતા) આપ્યું છે.

જેથી ત્રિભુવન સહકારી યુનિવર્સિટીની માન્યતા ધરાવતા કોર્ષ – ડિપ્લોમા ઈન બેન્કિંગ (DB), હાયર ડિપ્લોમા ઈન કો-ઓપરેટિવ મેનેજમેન્ટ (HDCM), ડિપ્લોમા ઈન એગ્રિકલ્ચર માર્કેટિંગ મેનેજમેન્ટ (DAMM) અને ડિપ્લોમા ઈન કો-ઓપરેટિવ મેનેજમેન્ટ (DCM) ના તાલીમ વર્ગો સુરત, ભાવનગર- નારી, અમદાવાદ અને નડીયાદ તાલીમ કેન્દ્રોમાં શરૂ કરવામાં આવનાર છે. આ કોર્ષમાં વિદ્યાર્થીઓને ભારત સરકાર માન્ય ત્રિભુવન સહકારી યુનિવર્સિટી દ્વારા માર્કશીટ અને ડિગ્રી એનાયત કરવામાં આવશે. ટૂંક સમયમાં રાજ્ય સહકારી સંઘ સંચાલિત આ તાલીમ કેન્દ્રોમાં ઉપરોક્ત ડિપ્લોમાં કોર્ષના વર્ગો શરૂ કરવામાં આવનાર છે.











**રાજ્ય સહકારી સંઘ સંચાલિત ચાર સહકારી તાલીમ કેન્દ્રો - સુરત, ભાવનગર – નારી, અમદાવાદ અને નડીયાદને ત્રિભુવન સહકારી યુનિવર્સિટીએ વિવિધ સર્ટીફિકેટ કોર્ષ ચલાવવા એફિલેશન આપેલ છે**

## દેશવ્યાપી રોજગાર મેળા અંતર્ગત 51 હજારથી વધુ યુવાનોને નિમણૂક પત્રોનું વિતરણ

# આજે સમગ્ર દુનિયા ભારતની પ્રગતિ, ટેકનોલોજી અને યુવાનોના કૌશલ્યને ખૂબ જ સન્માન અને ઉત્સુકતાથી જોઈ રહી છે : શ્રી નરેન્દ્રભાઈ મોદી

નવી દિલ્હી : પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશવ્યાપી રોજગાર મેળા અંતર્ગત વીડિયો કોન્ફરન્સીંગના માધ્યમથી 51 હજારથી વધુ નવનિયુક્ત યુવાનોને સરકારી વિભાગોમાં નિમણૂક પત્રો વિતરિત કર્યા હતા. દેશના 47 સ્થળો પર આયોજિત આ ભવ્ય કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ યુવાનોની રાષ્ટ્ર નિર્માણમાં ભૂમિકાને રેખાંકિત કરતાં જણાવ્યું કે, આજે સરકારી સેવામાં સામેલ થઈ રહેલા યુવાનો માત્ર કર્મચારી નથી. પરંતુ વિકસિત ભારતના સંકલ્પને સિધ્ધ કરનારા મુખ્ય સારથી છે.

આગામી 25 વર્ષ દેશ માટે અત્યંત મહત્વપૂર્ણ છે; સર્વોપરી રહેશે. યુવાનોની મહેનત અને પરિવારજનોના યોગદાનની પ્રશંસા કરી વધુમાં વડા પ્રધાનશ્રીએ કહ્યું કે રેલવે, બેન્કિંગ, રક્ષા, આરોગ્ય, શિક્ષણ સહિત વિવિધ ક્ષેત્રોમાં નવી જવાબદારીઓ સંભાળનાર યુવાનો વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. વ્યક્તિની સફળતામાં સમગ્ર સમાજ અને દેશના 140 કરોડ નાગરિકોનું યોગદાન રહેલું હોય છે. આમાં યુવાનોનું યોગદાન સર્વોપરી રહેશે.

વડા પ્રધાનશ્રીએ તાજેતરની પાંચ દેશોની મુલાકાતનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે વિશ્વ આજે ભારતના યુવાનો અને દેશની ટેક્નોલોજીકલ પ્રગતિ પ્રત્યે ખૂબ આશાવાદી છે. તેમણે જણાવ્યું કે નેધરલેન્ડ્સ સાથે સેમીકન્ડક્ટર, પાણી વ્યવસ્થાપન અને એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ, સ્વીડન સાથે AI અને ડિજિટલ ઈનોવેશન, નોર્વે સાથે ગ્રીન ટેકનોલોજી અને મેરિટાઈમ સહકાર, UAE સાથે સ્ટ્રેટેજિક એનર્જી અને ટેક્નોલોજી પાર્ટનરશિપ તથા ઈટાલી સાથે ડિફેન્સ




અને ક્રિટિકલ મિનરલ્સ ક્ષેત્રે મહત્વપૂર્ણ કરારો થયા છે. આ તમામ આંતરરાષ્ટ્રીય ભાગીદારીઓનો સીધો લાભ ભારતના યુવાનોને મળશે અને નવા રોજગાર તથા વૈશ્વિક અવસરોનું સર્જન થશે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉદાહરણ આપતાં જણાવ્યું કે, નેધરલેન્ડ્સની અગ્રણી સેમીકન્ડક્ટર કંપની ASML અને Tata Electronics વચ્ચે થયેલો કરાર ભારત માટે નેક્સ્ટ જનરેશન ટેક્નોલોજીના નવા દ્વાર ખોલશે અને મોટા પ્રમાણમાં રોજગાર સર્જશે. ક્લીન એનર્જી, ગ્રીન હાઈડ્રોજન, ક્રિટિકલ મિનરલ્સ અને સસ્ટેનેબલ મેન્યુફેક્ચરિંગ જેવા ક્ષેત્રો આગામી દાયકાઓમાં વૈશ્વિક વિકાસના મુખ્ય આધાર બનવાના છે અને તેમાં ભારતીય યુવાનોની ભૂમિકા અગત્યની રહેશે. ભારત આજે સેમીકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ, શિપબિલ્ડિંગ, MRO (Maintenance, Repair and Overhaul), ઇલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવા ક્ષેત્રોમાં વિશાળ

અનુસંધાન પાના નંબર : 2

# આદિવાસી ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે કેન્દ્રીય મંત્રીશ્રી અમિતભાઈ શાહનો રોજગારી અને આર્થિક ક્રાંતિ લાવવા સહકારી રોડમેપ

બસ્તર : કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહે તાજેતરના બસ્તર પ્રવાસ દરમિયાન આદિવાસી ક્ષેત્રના સર્વાંગી ઉત્થાન માટે એક મહત્વકાંક્ષી 'સહકાર-સંચાલિત વિકાસ રોડમેપ'ની જાહેરાત કરી છે. જગદલપુર સહિત બસ્તરના વિવિધ વિસ્તારોમાં જનસભાઓને સંબોધતા તેમણે જણાવ્યું




હતું કે, સ્થાનિક અર્થતંત્રને બદલવા અને આદિવાસી સમુદાયોને સીધો લાભ પહોંચાડવામાં સહકારી મંડળીઓ મોટી ભૂમિકા ભજવશે. વચેટિયાઓની નાબૂદી કરીને જંગલ આધારિત પેદાશો (NTFP) અને કૃષિ સંસાધનોનો સમગ્ર નફો સીધો આદિવાસીઓના હાથમાં પહોંચે તે માટે તેને સહકારી માળખા સાથે જોડવામાં આવશે.

આ માટે ગ્રામીણ સ્તરે પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ (PACS) અને વિલેજ ડેરી સિસ્ટમ મજબૂત કરવામાં આવશે,

અનુસંધાન પાના નંબર : 2

# વિશ્વની સૌથી મોટી અન્ન સંગ્રહ યોજનાની પ્રગતિની સમીક્ષા: સહકારી ક્ષેત્રે ગોડાઉન નિર્માણ પ્રક્રિયા ઝડપી બનાવાશે

નવી દિલ્હી : કેન્દ્રીય સહકારિતા મંત્રાલય દ્વારા તા. 19 -05-2025ને મંગળવારના રોજ સહકારી ક્ષેત્રની મહત્વાકાંક્ષી 'વિશ્વની સૌથી મોટી અન્ન સંગ્રહ યોજના' (World's Largest Grain Storage Plan) ની પ્રગતિ અંગે એક ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી, જેમાં વિવિધ રાજ્યોમાં જિલ્લા કક્ષાએ ગોડાઉન નિર્માણની કામગીરી ઝડપી બનાવવા અને સ્ટોરેજ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરાયું હતું. નવી દિલ્હીના અટલ અક્ષય ઊર્જા ભવન ખાતેથી આશિષ કુમાર ભુટાનીના અધ્યક્ષ સ્થાને યોજાયેલી આ વર્ચ્યુઅલ બેઠકમાં નાફેડ (Nafed) ના એમડીશ્રી દીપક અગ્રવાલ, એનસીસીએફ (NCCF) ના એમડીશ્રી એનીસ જોસેફ ચંદ્રા, શ્રી સિદ્ધાર્થ જૈન તેમજ મંત્રાલયના અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન જિલ્લા અને સ્થળવાર સ્ટોરેજની જરૂરિયાતો, પ્રોજેક્ટ માટે પ્રાથમિક કૃષિ ધિરાણ



મંડળીઓ (PACS) અને અન્ય સહકારી મંડળીઓની ઓળખ, રાજ્યો દ્વારા આપવામાં આવેલી ભાડાની ખાતરીની સ્થિતિ તેમજ સમયસર ગોડાઉનનું નિર્માણ પૂર્ણ કરવાના રોડમેપ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. આ મેગા સહકારી સંગ્રહ પહેલને ઝડપથી લાગુ કરવા માટે અમલીકરણની સમયસીમા અને પરસ્પર સંકલન વ્યવસ્થાનું પણ મૂલ્યાંકન કરાયું હતું, જે ગ્રામીણ સપ્લાય ચેનને વધુ મજબૂત બનાવશે અને પાક લણણી પછી થતા અનાજના બગાડને અટકાવશે.

## વિશ્વની સૌથી મોટી વસ્તી ગણતરી-2027 સંપૂર્ણ ડિજિટલ ડેટા કેપ્ચર આધારિત

# સચોટ અને સંપૂર્ણ માહિતી પૂરી પાડવી દરેક નાગરિકની ફરજ છે

નવી દિલ્હી : ભારતમાં વિશ્વની સૌથી મોટી વસ્તી ગણતરી-2027 ઝુંબેશ શરૂ થઈ ગઈ છે. આ દેશના સૌથી મોટા વહીવટી અને આંકડાકીય અભિયાનની શરૂઆત છે. આ ભારતની પહેલી વસ્તી ગણતરી છે જેમાં સંપૂર્ણ ડિજિટલ ડેટા કેપ્ચર સાથે સ્વ-ગણતરીનો સમાવેશ થાય છે. દરેક કલ્યાણકારી યોજના, દરેક મત વિસ્તારની સીમા અને દરેક વિકાસ યોજના વસ્તી ગણતરીના ડેટા પર આધારિત હોય છે.

ભારતમાં 150 વર્ષથી વધુ સમયથી વસ્તી ગણતરી કરવામાં આવી રહી છે. પ્રથમ સંપૂર્ણ વસ્તી ગણતરી 1881માં બ્રિટિશ શાસન હેઠળ હાથ ધરવામાં આવી હતી, અને ત્યારથી તે દર 10 વર્ષે હાથ ધરવામાં આવે છે. છેલ્લી વસ્તી ગણતરી 2011 માં હાથ ધરવામાં આવી હતી અને 2021 માટે સુનિશ્ચિત કરવામાં આવી હતી. જોકે, COVID-19 રોગચાળાને કારણે, આ વસ્તી ગણતરી મુલતવી રાખવી પડી હતી. પરિણામે 2027 ની વસ્તી ગણતરી ખાસ કરીને મહત્વપૂર્ણ બની જાય છે કારણ કે તે લાંબા અંતરાલ પછી એક નવું ચિત્ર રજૂ કરશે. આ વસ્તી ગણતરી એટલા માટે પણ ખાસ છે કારણ કે, સ્વતંત્રતા પછી પહેલી




વાર, સમગ્ર પ્રક્રિયામાં જાતિગત વસ્તી ગણતરીનો સમાવેશ કરવામાં આવ્યો છે. જે સામાજિક સમરસતા અને ન્યાયની દિશામાં એક અસરકારક પગલું છે.

વસ્તી ગણતરીનો સરળ અર્થ એ છે કે, દેશની દરેક વ્યક્તિની ગણતરી અને સંબંધિત સામાજિક-આર્થિક માહિતીનું સંકલન. આ દાયકાની પ્રક્રિયા દેશમાં કેટલા લોકો રહે છે, તેમનું વય જૂથ માળખું, તેમનું શિક્ષણનું સ્તર, તેમની રોજગાર સ્થિતિ અને તેઓ કયા લાભો મેળવવાના હકદાર છે અથવા કયા લાભોથી વંચિત છે તે સમજવાનું સરળ બનાવે છે. વસ્તી ગણતરીના ડેટા સરકારી નીતિઓનો આધાર બને છે. રસ્તા, શિક્ષણ, આરોગ્ય, પાણી પુરવઠો, આવાસ અને રોજગાર જેવા તમામ ક્ષેત્રો માટેનું આયોજન આ ડેટા પર જ આધારિત હોય છે. એટલે કે આ ડેટા નીતિઓ અને યોજનાઓના નિર્માણ અને અમલીકરણમાં અત્યંત મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. વસ્તી ગણતરીની સફળતા ફક્ત સરકારના પ્રયાસો પર આધારિત નથી; જનભાગીદારી પણ એટલી જ મહત્વપૂર્ણ છે. સચોટ અને સંપૂર્ણ માહિતી પૂરી પાડવાની દરેક નાગરિકની ફરજ છે. આ માત્ર ઔપચારિકતા નથી, પરંતુ રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન છે.

# 25 લાખ મેટ્રિક ટન ઘઉંની નિકાસ માટે DGFT નું નવું જાહેરનામું: સહકારી મંડળીઓ અને MSME માટે વિશેષ ક્વોટા અનામત

નવી દિલ્હી : ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ (DGFT) દ્વારા એક નવા જાહેર પરિપત્ર અંતર્ગત 25 લાખ લાખ મેટ્રિક ટન (LMT) ઘઉંની નિકાસ માટેની વિગતવાર પ્રક્રિયા અને નિયમો જાહેર કરવામાં આવ્યા છે. આ સરકારી નોટિસમાં કૃષિ પેદાશો સાથે સંકળાયેલી સહકારી મંડળીઓ માટે એક સમર્પિત એલોકેશન વિન્ડો (ખાસ ક્વોટા) ની જોગવાઈ કરવામાં આવી છે. આ સૂચના અનુસાર, કુલ નિકાસ ક્વોટામાંથી 5 લાખ મેટ્રિક ટન ઘઉં ભારત સરકારના નેજા હેઠળ કામ કરતી સ્ટેટ ટ્રેડિંગ એન્ટરપ્રાઈઝિસ (STEs) અને સહકારી મંડળીઓ માટે અનામત રાખવામાં આવ્યા છે. બાકીના ક્વોટામાંથી 18 લાખ મેટ્રિક ટન ઘઉં એવા મોટા નિકાસકારો માટે ફાળવવામાં આવ્યા છે જેમનું છેલ્લા ત્રણ વર્ષનું લઘુત્તમ સરેરાશ વાર્ષિક ટર્નઓવર 150 કરોડ રૂપિયા રહ્યું હોય, જ્યારે 2 લાખ મેટ્રિક ટન ઘઉંનો ક્વોટા ખાસ કરીને MSME નિકાસકારો માટે અનામત રાખવામાં આવ્યો છે. આ નિકાસ મંજૂરી માટેની અરજીઓ 1 મે થી 10 મે, 2026 દરમિયાન DGFT પોર્ટલ પર ઓનલાઈન સબમિટ કરવાની હતી.

સરકારના આ મહત્વપૂર્ણ પગલાથી કૃષિ ક્ષેત્રની સહકારી મંડળીઓને સીધો ફાયદો થવાની અપેક્ષા છે. જે મંડળીઓ ખેડૂતો પાસેથી પાકની ખરીદી, હેન્ડલિંગ અને નિકાસની કામગીરી સાથે જોડાયેલી છે, તેઓ હવે ઘઉંની નિકાસ પ્રક્રિયામાં સીધી ભાગીદારી નોંધાવી શકશે. સત્તાવાર અહેવાલ મુજબ, આ નિકાસ મંજૂરીઓ ઈશ્યૂ થયાની તારીખથી છ મહિનાના સમયગાળા માટે માન્ય રહેશે. કેન્દ્ર સરકારના આ નિર્ણયથી સ્થાનિક કૃષિ સહકારી મંડળીઓને આંતરરાષ્ટ્રીય બજારનો સીધો લાભ મળશે અને ખેડૂતોને તેમની ઉપજના વધુ સારા ભાવો મળી રહેશે.

# The Bharuch District Central Co-Op. Bank Ltd, Bharuch

## Balance Sheet as on 31st March 2026

| Sr. No. (1) | Capital and Liabilities (2) | Annexure No. (3) | As on 31-3-2026 Rs. (4) | As on 31-3-2025 Rs. (5) |
|---|---|---|---|---|
| 1 | Share Capital | 1 | 8,90,52,000.00 | 6,74,27,400.00 |
| 2 | Reserve Fund & Other Funds | 2 | 1,65,68,53,755.36 | 1,61,31,48,772.55 |
| 3 | Subsidiary State Partnership Fund | --- | 42,97,850.00 | 42,97,850.00 |
| 4 | Deposits & Other Accounts | 3 | 15,32,50,16,670.14 | 13,63,51,85,312.41 |
| 5 | Borrowing | 4 | 18,86,00,000.00 | 15,79,00,000.00 |
| 6 | Bills For Collection (As Per Contra) | --- | 0.00 | 0.00 |
| 7 | Branch Adjustments | --- | 0.00 | 0.00 |
| 8 | Interest Reserve | 5 | 10,80,14,296.49 | 11,13,72,771.64 |
| 9 | Interest Payable | 6 | 25,74,41,717.26 | 23,27,66,430.04 |
| 10 | Other Liabilities | 7 | 15,84,40,420.96 | 15,20,28,520.72 |
| 11 | Profit and Loss Account | 20 | 3,91,77,957.87 | 3,69,41,768.37 |
| | **Total** | | **17,82,68,94,668.08** | **16,01,10,68,825.73** |

(1) Contingent Liabilities:
1) Bank Guarantee Rs. 26,00,000.00
2) DEA Fund Rs. 13,56,11,905.22
3) Income tax Demands against Pending Appeals Rs. 2,86,31,840.00

Accounting Note and Policy Annexure - 21
As per our Notes & Report of even date.

| | | |
|---|---|---|
| MNCA & Associates | Arunsinh A. Rana | Karsanbhai G. Patel |
| Chartered Accountants, Vadodara | Chairman | Vice Chairman |
| CA Chetankumar D. Vadgama | Ajaysinh A. Rana | Pinkal R. Raval |
| Partner | Managing Director | Chief Executive Office |

Membership No.:122619
FRN:100586W
Statutory Auditor
Date: 27.04.2026
UDIN: 26122619YWPNZT6197

| Sr. No. (1) | Property and Assets (2) | Annexure No. (3) | As on 31-3-2026 Rs. (4) | As on 31-3-2025 Rs. (5) |
|---|---|---|---|---|
| 1 | Cash | | 63,60,83,130.00 | 55,69,56,347.00 |
| 2 | Balance with Other Banks | 8 | 3,89,07,77,565.40 | 3,67,02,68,871.64 |
| 3 | Investments | 9 | 2,89,71,52,836.00 | 2,75,84,52,836.00 |
| 4 | Subsidiary State Partnership Fund In Share of Societies | | 42,97,850.00 | 42,97,850.00 |
| 5 | Loans & Advances Of Which<br>1. Other Tangible Securities Rs. 1,92,37,66,169.48<br>2. Loans to Individuals Rs. 67,06,39,787.82 | 10 | 8,77,50,33,142.29 | 7,52,20,93,064.88 |
| 6 | Interest Receivable<br>Of Which Overdue Rs. 2,73,01,657.40 | 11 | 55,65,47,649.85 | 53,94,26,828.73 |
| 7 | Bills Receivable (As Per Contra) | --- | 0.00 | 0.00 |
| 8 | Branch Adjustments | --- | 0.00 | 0.00 |
| 9 | Building (Net of Depreciation) | | 18,18,97,025.97 | 18,81,65,068.98 |
| 10 | Furniture & Fixtures (Net of Depreciation) | 12 | 8,97,52,982.53 | 6,70,18,314.43 |
| 11 | Motor Vehicles (Net of Depreciation) | | 99,45,067.07 | 1,34,62,567.95 |
| 12 | Computer & Accessories (Net of Depreciation] | | 36,67,797.88 | 1,35,53,560.47 |
| 13 | Other Assets | 13 | 78,17,39,621.09 | 67,73,73,515.65 |
| 14 | Non Banking Assets Acquired in Satisfaction of Claims | --- | --- | --- |
| | **Total** | | **17,82,68,94,668.08** | **16,01,10,68,825.73** |

| | | |
|---|---|---|
| Jigneshbhai C. Patel | Jagdishbhai R. Patel | Ishakji G. Rai |
| Narendrasinh C. Parmar | Sunilbhai R. Patel | Vasantbhai S. Patel |
| Bhaskarbhai B. Patel | Sardarsinh K. Desai | Bhupendrasinh S. Rathod |
| Mukeshbhai K. Patel | Bhupatsinh M. Keshrola | Marutisinh T. Atodariya |
| Harshadbhai L. Patel | Dharmvirsinh B. Rana | Kiritsinh A. Rana |
| Bhartendrasinh S. Vasadiya | Sureshbhai D. Patel | Sanjaysinh A. Sindha |
| Sandipbhai R. Vyas | Jayantibhai U. Patel | Druvesh I. Patel |
| | | Jayantibhai R. Patel |

## Profit and Loss Account for the year Ended on 31st March 2026

| Sr. No. (1) | Income (2) | Annexure No. (3) | As on 31-3-2026 Rs. (4) | As on 31-3-2025 Rs. (5) |
|---|---|---|---|---|
| 1 | Interest on Advances and Investments. | 14 | 1,28,39,47,035.87 | 1,17,09,04,201.16 |
| 2 | Commission Exchange & Brokerage | --- | 1,19,67,943.79 | 1,31,28,211.68 |
| 3 | Subsides and Donations | --- | --- | --- |
| 4 | Income from Non Banking Assets and Profit from Sale of or Dealing with such Assets. | --- | --- | --- |
| 5 | Other Receipts | | | |
| | 1. Chamber Rent | | 23,39,837.97 | 23,39,975.12 |
| | 2. Miscellaneous Income | | 9,719.20 | 24,279.03 |
| | 3. Dividend | | 6,93,114.00 | 6,66,100.00 |
| | 4. Deferred Tax | | 9,24,982.00 | 2,43,592.00 |
| | 5. Profit on Sale of Assets | | 4,260.85 | 5,79,639.52 |
| | 6. Subsidy (Nabard FLC Subsidy) | | 2,48,000.00 | 2,94,000.00 |
| | 7. ATM Transaction Income | | 1,16,33,284.58 | 1,09,66,245.32 |
| | 8. Loan Processing Charge | | 1,10,290.80 | 1,46,525.28 |
| | 9. Atal Pension Yojna Incentive | | 11,603.00 | 14,020.00 |
| | 10. IMPS/UPII/W Income | | 6,23,299.24 | 3,80,934.82 |
| | 11. Subsidy (Co-op. Year Celebration Grant) | | 0.00 | 18,00,000.00 |
| | 12. Prior Period Income Tax | | 20,250.00 | 77,000.00 |
| 6 | Excess Provision Return Back | 15 | 6,52,05,000.00 | 5,56,54,885.44 |
| | Total | | **1,37,77,38,621.30** | **1,25,72,19,609.37** |

Accounting Note and Policy - Annexure - 21
As per our Notes & Report of even date.

| | | |
|---|---|---|
| MNCA & Associates | Arunsinh A. Rana | Karsanbhai G. Patel |
| Chartered Accountants, Vadodara | Chairman | Vice Chairman |
| CA Chetankumar D. Vadgama | Ajaysinh A. Rana | Pinkal R. Raval |
| Partner | Managing Director | Manager/CEO |

Membership No.:122619
FRN:100586W
Statutory Auditor
Date: 27-04-2026
UDIN: 22122619YIJPNZT6117

| Sr. No. (1) | Expenditure (2) | Annexure No. (3) | As on 31-3-2026 Rs. (4) | As on 31-3-2025 Rs. (5) |
|---|---|---|---|---|
| 1 | Interest on Deposits, Borrowing etc | 16 | 72,06,89,549.34 | 66,19,86,110.69 |
| 2 | Salaries & Allowances & Provident Fund | --- | 29,88,07,906.00 | 29,78,37,856.00 |
| 3 | Director and Local Committee Member's Fees & Allowances | --- | 4,30,470.00 | 4,54,655.00 |
| 4 | Rent, Taxes Insurance, Lighting etc | 17 | 3,77,94,408.99 | 3,60,22,875.52 |
| 5 | Legal Charges | --- | 5,41,651.00 | 3,84,225.00 |
| 6 | Postage, Telegram and Telephone | --- | 19,52,398.22 | 7,84,041.51 |
| 7 | Audit Fee | --- | 14,75,000.00 | 16,25,000.00 |
| 8 | Depreciation | --- | 3,89,32,152.27 | 3,28,15,614.29 |
| 9 | Stationary & Printing | --- | 1,68,98,182.76 | 1,73,39,499.04 |
| 10 | OTS Exp | | 90,23,975.00 | 77,64,675.00 |
| 11 | Other Expenditure | | | |
| | {A} Provisions | 18 | 7,50,00,000.00 | 4,72,35,000.00 |
| | (B) Other Expenses | 19 | 12,62,69,089.85 | 10,93,78,288.95 |
| | **Total** | | **1,32,78,14,783.43** | **1,21,36,27,841.00** |
| | Profit Before Income Tax Provision | | 4,99,23,837.87 | 4,35,91,768.37 |
| 12 | Less: | | | |
| | 1) Income Tax Provision For Current Year | | 1,03,00,000.00 | 66,50,000.00 |
| | 2) Income Tax Expense For Previous Year | | 4,45,880.00 | 0.00 |
| 13 | Profit | 20 | 3,91,77,957.87 | 3,69,41,768.37 |
| | **Total** | | **1,37,77,38,621.30** | **1,25,72,19,609.37** |

| | | |
|---|---|---|
| Jigneshbhai C. Patel | Jagdishbhai R. Patel | Ishakji G. Rai |
| Narendrasinh C. Parmar | Sunilbhai R. Patel | Vasantbhai S. Patel |
| Bhaskarbhai B. Patel | Sardarsinh K. Desai | Bhupendrasinh S. Rathod |
| Mukeshbhai K. Patel | Bhupatsinh M. Keshrola | Marutisinh T. Atodariya |
| Harshadbhai L. Patel | Dharmvirsinh B. Rana | Kiritsinh A. Rana |
| Bhartendrasinh S. Vasadiya | Sureshbhai D. Patel | Sanjaysinh A. Sindha |
| Sandipbhai R. Vyas | Jayantibhai U. Patel | Druvesh I. Patel |
| | | Jayantibhai R. Patel |

### The Bharuch District Central Co-Op. Bank Ltd, Bharuch

## STATUTORY AUDITOR'S REPORT

To,
The Members
The Bharuch District Central Co-Operative Bank Limited, Bharuch.

**Report on Financial Statement :**

We have audited the attached Balance Sheet of The Bharuch District Central Co-Operative Bank Limited as on 31stMarch,2026,and also Profit and Loss Account and Cash flow Statement annexed there to for the year ended on that date in which the returns of branches and head office audited by us, are incorporated. The branches audited by us have been selected in accordance with the guidelines issued to the Bank by NABARD.

**Responsibility of the Management in preparation of the Financial Statements :**

The Management of the Bank is responsible for the preparation of the financial statements that give true and fair view of the Financial Position and Financial Performance of The Bank in accordance with the requirements of the Reserve Bank of India, the provision of The Banking Regulation Act, 1949 and recognized accounting policies and practices, including the applicable Accounting Standards issued by the Institute of Chartered Accountant of India. This responsibility of management includes the design, implementation and maintenance of internal control relevant to the preparation of the financial statements that are free from material misstatement, whether due to fraud or error.

**Auditor's Responsibility:**

Our responsibility is to express an opinion on the Financial Statements based on our audit. We conducted our audit in accordance with the auditing standard generally accepted in India. Those standards require that we plan and perform the audit to obtain reasonable assurance about whether the financial statements are free of material misstatements.

An audit involves performing procedures to obtain audit evidences and examination of the amounts and disclosures made in the financial statements on test check basis. An audit also includes assessing and evaluating the appropriateness of the accounting principles and policies used and reasonableness of the significant accounting estimates made by the management, as well as evaluating the overall financial statements presentation of the Financial Statements.

The procedures selected depend on the auditor's judgement, including the assessment of the risk of material misstatement of the financial statements, whether due to fraud or error. In making those risk assessments, the auditor considers internal control relevant to preparation and presentation of the Financial Statements in order to design and adopt the audit procedures that are appropriate in the relevant circumstances of performing the audit. We believe that our audit provides a reasonable basis for our opinion.

**Opinion:**

In our opinion and to the best of our information and according to the explanations given to us by the management of the Bank, the Financial Statements drawn from the said accounts read together with the notes thereon, give the information required by the Banking Regulation Act, 1949 as well as Gujarat State Co-Operative Society Act in the manner so required and gives a true and fair view in conformity with the Accounting Principles generally accepted in India:

- In the case of Balance Sheet, of the state of the affairs as at31st March, 2026.
- In the case of the Profit and Loss Account, of true Balance of Profit, for the year ended on that date and
- In the case of Cash Flow Statement of the Cash Flow for the year ended on that date.

**Report on other legal and regulatory requirements:**

The Balance Sheet and Profit and Loss Account have been drawn up in form 'A' and 'B' respectively of the third schedule, in accordance with the provisions of section 29 of the Banking Regulation Act, 1949.

As required under section 31 of the Banking Regulation Act, 1949 as applicable to Co-Operative Societies, we report that:

- We have obtained all the information and explanations, which to the best of our knowledge and belief were necessary for the purposes of our audit and have found them to be satisfactory.
- The transactions of the Bank which have to come to our notice have been within the competence of the Bank.
- In our opinion, proper returns adequate for the purpose of our audit have been kept by Bank so far, as appears from the examination of those books and proper returns adequate for the purpose of our audit have been received from the branches of the Bank.
- The Balance Sheet, Profit and Loss Account and the Cash Flow Statement dealt with by this reports are in agreement with the books of account and are drawn up in conformity with the law.
- Certain Items of Income& Expenditure as stated in Note-6 to the significant accounting policies of Part B are accounted on cash basis as against accrual basis specified under Accounting Standard-9 on 'Revenue Recognition' issued by the Institute of Chartered Accountant of India.

**Audit classification:**

The Bank has been awarded 'A' Audit classification for the Financial Year 2025-26.

For, MNCA & Associates
Chartered Accountants
CA Chetankumar D. Vadgama
Partner
M. No.: 122619
FRN: 100586W
UDIN:26122619YWPNZT6197
Place: Vadodara
Date: 27/04/2026

### "ટ્રેનિંગ ઓફ ટ્રેનર્સ"... પાના નં. 4નું અનુસંધાન

"ટ્રેનિંગ ઓફ ટ્રેનર્સ"... પાના નં. 4નું અનુસંધાન

ઢાકેચા, સુરત જિલ્લા સહકારી બેંકના સીઈઓ શ્રી મહાવીરસિંહ ચૌહાણ તથા ભૂતપૂર્વ સંયુક્ત રજિસ્ટ્રાર શ્રી જે.જે. શાહ સહિત અગ્રણી સહકારી આગેવાનો દ્વારા સતત તાલીમ, આધુનિકીકરણ અને પાયાના સ્તરે સહકારી સંસ્થાઓને મજબૂત બનાવવાની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો. કાર્યક્રમના અંતે ગુજરાત રાજ્ય સહકારી સંઘના સીઈઓ ડૉ. રાજેન્દ્ર સી. ત્રિવેદીના હસ્તે તમામ તાલીમાર્થીઓને પ્રમાણપત્રો અર્પણ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન માહિતી અધિકારી શ્રી સી.જે. દવે દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે સમગ્ર તાલીમ કાર્યક્રમનું સંકલન સહાયક શિક્ષણ અધિકારી શ્રી દીપશિખા ઠાકુર તથા વ્યાખ્યાતા શ્રી રોનક પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી સહકારી આગેવાનો, તાલીમદાતાઓ અને પ્રતિભાગીઓએ ઉત્સાહભેર હાજરી આપી હતી. વ્યાવસાયિક તાલીમ, ટેકનોલોજીના સ્વીકાર અને અસરકારક પાયાના સંચાલન દ્વારા સહકારી ચળવળને વધુ મજબૂત બનાવવાની સામૂહિક પ્રતિબદ્ધતા સાથે કાર્યક્રમનું સફળ સમાપન થયું હતું.

### આદિવાસી ક્ષેત્રના... પાના નં. 1નું અનુસંધાન

આદિવાસી ક્ષેત્રના... પાના નં. 1નું અનુસંધાન

જેથી આદિવાસી પરિવારો સહકારી માળખા હેઠળ દેશભરમાં દૂધનું વેચાણ કરી આત્મનિર્ભર બની શકે. લાંબા સમય સુધી ડાબેરી ઉગ્રવાદ (નક્સલવાદ)નો સામનો કરી રહેલા બસ્તરમાં ભય અને હિંસાના સ્થાને સહકારી ભાગીદારી અને રોજગારી લાવવાનો સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય છે.

આ વ્યૂહરચના હેઠળ, વિસ્તારમાં સ્થાપિત આશરે 200 સુરક્ષા કેમ્પોમાંથી લગભગ 70 કેમ્પોને હવે "વીર શહીદ ગુંદાધુર સેવા ડેરા" કેન્દ્રોમાં ફેરવવામાં આવશે, જે અંતરિયાળ આદિવાસી વસ્તી સુધી શાસન, કલ્યાણકારી યોજનાઓ અને આર્થિક સેવાઓ પહોંચાડશે.

શ્રી અમિતભાઈ શાહે આ યોજનાને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના "વોકલ ફોર લોકલ" અભિયાન સાથે જોડીને બસ્તરના આદિવાસી ઉત્પાદનો, હસ્તકલા અને જંગલ પેદાશોને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય બજારોમાં પ્રોત્સાહન આપવાની વાત કહી હતી. આ ઉપરાંત, 'બસ્તર પાંડુમ' જેવા સાંસ્કૃતિક ઉત્સવો દ્વારા સ્થાનિક સંસ્કૃતિ, ભોજન અને પરંપરાઓને પ્રદર્શિત કરીને આદિવાસી સમુદાયોને આર્થિક રીતે સશક્ત બનાવવામાં આવશે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ સહકારી અભિગમથી જંગલ પેદાશોની ખરીદી, ડેરી પ્રવૃત્તિઓ અને ગ્રામિણ ઉદ્યોગોના માધ્યમથી આદિવાસી પરિવારો માટે આવકના નવા સ્ત્રોત ખુલશે. કેન્દ્ર સરકાર આ પહેલને બસ્તરની પરંપરાગત સંસ્કૃતિ અને ઓળખને જાળવી રાખીને તેને વિકાસના મુખ્ય પ્રવાહ સાથે જોડવા માટેનું એક મહત્વપૂર્ણ કદમ માની રહી છે.

# ફૂડ પ્રોસેસિંગ માટે પીએલઆઈ યોજના 3.39 લાખ નોકરીઓનું સર્જન

નવી દિલ્હી : પ્રોસેસિંગ ઉદ્યોગ માટે ઉત્પાદન આધારિત પ્રોત્સાહન યોજના (PLISFPI) પર સરકાર 2021-22 થી ચાલુ નાણાકીય વર્ષ 2026-27 સુધી રૂા. 10,900 કરોડ ખર્ચ કરી રહી છે. તેનો ઉદ્દેશ્ય વેચાણ વૃદ્ધિ અને બ્રાન્ડ પ્રમોશનને પ્રોત્સાહન આપીને વૈશ્વિક સ્તરે અગ્રણી ભારતીય ખાદ્ય ઉત્પાદક ક્ષેત્રની અગ્રણી કંપનીઓ બનાવવાનો છે. આ યોજના હેઠળ, ફેબ્રૂઆરી 2026



સુધીમાં 274 પ્રોજેક્ટ સાઈટ્સને આવરી લેતી 165 અરજીઓને મંજૂરી આપવામાં આવી છે, જેમાં 2,162.55 કરોડ રૂપિયાની પ્રોત્સાહન રકમ આપવામાં આવી છે. આ પ્રોજેક્ટ્સ 3.39 લાખ નોકરીઓનું સર્જન કર્યું છે, જે 2.5 લાખ નોકરીઓના લક્ષ્યાંક કરતાં નોંધપાત્ર રીતે વધુ છે. ખાદ્ય પ્રક્રિયા અને જાળવણી ક્ષમતામાં વાર્ષિક 34 લાખ મેટ્રિક ટનનો વધારો થયો છે.

# આદિવાસી હસ્તકલાને વૈશ્વિક ઓળખ આપવા ટ્રાયફેડ (TRIFED) અને એચસીએલ (HCL) ફાઉન્ડેશન વચ્ચે MoU

નવી દિલ્હી:- ભારતના આદિવાસી હસ્તકલા ક્ષેત્રને મજબૂત કરવાના એક મોટા પ્રયાસરૂપે, ટ્રાયફેડ (TRIFED) દ્વારા દેશભરના આદિવાસી કારીગરોને સશક્ત બનાવવા અને તેમના ઉત્પાદનો માટે બજારનો વ્યાપ વધારવાના હેતુથી એચસીએલ (HCL) ફાઉન્ડેશન સાથે એક સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

રાજામુરુગન મુથુકાલાથીની પ્રેરક ઉપસ્થિતિમાં શ્રીહરવિંદર સિંહ અને શ્રી નિધિ પુંધીર દ્વારા આ MoU કરવામાં આવ્યા હતા. આ ભાગીદારી મુખ્યત્વે નવીન ડિઝાઈન ડેવલપમેન્ટ તાલીમ, માર્કેટ લિંકેજ સપોર્ટ તેમજ આદિવાસી ઉત્પાદનોના પ્રમાણીકરણ (સર્ટિફિકેશન) પર ધ્યાન કેન્દ્રિત કરશે.




આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય કારીગર સમુદાયો માટે ટકાઉ આજીવિકાની તકો ઊભી કરવાની સાથે-સાથે સ્થાનિક હસ્તકલાની બ્રાન્ડિંગ, વિઝિબિલિટી અને વ્યાપારી પહોંચને સુધારવાનો છે. કેન્દ્રીય આદિવાસી બાબતોના મંત્રાલય હેઠળ કાર્યરત ટ્રાયફેડ, આદિવાસી ઉત્પાદનોના માર્કેટિંગ અને વેલ્યુ એડિશન દ્વારા આદિવાસી સમુદાયોના સામાજિક-આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવામાં સતત મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે.

# બારડોલી જનતા કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ.ની છવ્વીસમી વાર્ષિક સામાન્ય સભા સંપન્ન

બારડોલી : બારડોલી જનતા કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ.ની છવ્વીસમી વાર્ષિક સામાન્ય સભા સંસ્થાનાં પ્રમુખશ્રી નિરંજન માનાજી મિસ્ત્રીનાં અધ્યક્ષ સ્થાને સિનિયર સિટીઝન હોલ, બારડોલીમાં મળી હતી. અધ્યક્ષશ્રીએ તેમનાં આવકાર પ્રવચનમાં જણાવ્યુ કે, સંસ્થા છેલ્લા બે દાયકાથી વધુ સમયથી સભાસદોના આર્થિક ઉત્કર્ષ અને નાણાકીય સુરક્ષા માટે પ્રતિબદ્ધ છે. અને સહકારી સિદ્ધાંતોને વરેલી છે. સહકારી ભાવનાને સાર્થક કરતા, સંસ્થા માત્ર નાણાકીય વ્યવહારો પૂરતી સીમિત ન રહેતા સભાસદોની જીવન સુરક્ષાને પણ પ્રાધાન્ય આપે છેઃ સંસ્થા દ્વારા પ્રત્યેક સભાસદના હિતાર્થે રૂ. 5,00,000/-ની રકમનું અકસ્માત વીમા કવચ સુનિશ્ચિત કરવામાં આવ્યું છે. આ પોલીસી સભાસદના પરિવારને આકસ્મિક સંજોગોમાં નાણાકીય ટેકો પૂરો પાડે છે. સંસ્થા તેની પારદર્શક વહીવટી પ્રક્રિયા અને સભાસદ-કેન્દ્રી અભિગમ માટે જાણીતી છે. સંસ્થાએ પોતાની માલિકીનાં બિલ્ડિંગમાં 900 જેટલા લોકરોની વ્યવસ્થા કરી છે. જેનો લાભ સભાસદો લઈ રહ્યા છે. સભાસદની મહેનતની કમાણીનું સુરક્ષિત રોકાણ અને શ્રેષ્ઠ વળતર એ જ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય છે. વધુમાં તેમણે જણાવ્યુ કે સંસ્થા કુલ રૂ. 114 થાપણ અને રૂ. 73 કરોડ ધિરાણ મળી કુલ રૂ. 187 કરોડનો બિઝનેસ કરતી સંસ્થા બની છે.




વર્ષ 2025-2026નાં વર્ષ માટે રૂ. 3 કરોડ 77 લાખ જેટલો ચો. નફો થયો હોવાનું જણાવ્યુ હતુ.

સંસ્થાને સ્થાપના કાળથી વર્ષ 2024-2025 સુધી ઓડિટ વર્ગ "અ" પ્રાપ્ત થયો છે. વર્ષ 2024-2025નાં વર્ષ માટે સંસ્થાને ગુજરાત રાજ્ય સહકારી સંઘ તરફથી બીજો ક્રમાંક પ્રાપ્ત થયો હોવાનું જણાવ્યું હતું. ખાસ કરીને વર્તમાન વ્યવસ્થાપક કમિટીનાં સભ્યોને બિન હરીફ ચૂંટણી વિશ્વાસ મુકવા બદલ તમામ સભાસદો તથા અન્ય સહકારી સંસ્થાનાં હોદ્દેદાનોનો આભાર વ્યકત કર્યો હતો. તેમણે આ વર્ષે રૂ. 1250/-ની ભેટકુપન તથા 20 ટકા ડિવિડન્ડ આપવાની જાહેરાત કરી હતી. એજન્ડા મુજબની કાર્યવાહી મેનેજર દિનેશચંદ્ર પ્રજાપતિએ કરી હતી. તમામ કામો સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતાં. આભાર વિધિ ઉપપ્રમુખશ્રી મનિષભાઈ પટેલે કરી હતી. સમગ્ર સભાનું સંચાલન શ્રી નિલેશભાઈ ગુપ્તાએ કર્યું હતું.

### 20 મે, વિશ્વ મધમાખી દિવસ ઝાલાવાડમાં 'મીઠી ક્રાંતિ'નો ઉદય

# મધમાખી ઉછેર માત્ર વ્યવસાય નથી પરંતુ આત્મનિર્ભરતા અને ગૌરવનો પાયો છે

વઢવાણ : "પરંપરાગત ખેતીમાં મજૂરી અને આવક સાવ મર્યાદિત હતી, જેના કારણે દેવાનો બોજ સતત વધતો જતો હતો. આવા કપરા સમયમાં વડાપ્રધાનના એક વીડિયોએ મારા જીવનમાં આશાનું નવું કિરણ જગાડ્યું હતું." - આ લાગણીભીના શબ્દો છે સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકાના ગાંજણવાવ ગામના પ્રગતિશીલ ખેડૂત ભરતભાઈ ડેડાણીયાના. ભરતભાઈએ સુરેન્દ્રનગર જિલ્લામાં સૌપ્રથમ મધમાખી ઉછેર કેન્દ્ર શરૂ કરી ઝાલાવાડમાં મીઠી ક્રાંતિ'ની સુવાસ ફેલાવી છે. 'જાર, જીરું અને કપા, બાકી બધા ગપા' જેવી રૂઢિચુસ્ત માનસિકતા અને ખેતીની મર્યાદિત તકો વચ્ચે માત્ર 10 પાસ ભરતભાઈનું ચીલાચાલુ ખેતી છોડીને મધમાખી ઉછેર કરવાનું સાહસ કોઈ દિવાસ્વપ્નથી કમ નહોતું.

ભરતભાઈએ આ તમામ મર્યાદાઓ અને રૂઢિચુસ્ત માનસિકતાઓ તોડી પોતાની સખત મહેનતથી ઝાલાવાડ વિસ્તારમાં મધમાખી પાલન



દ્વારા આર્થિક સમૃદ્ધિની નવી કેડી કંડારી છે અને અન્ય ખેડૂતો માટે પ્રેરણાસ્રોત બન્યા છે.

વધુમાં ભરતભાઈએ જણાવ્યું હતું કે, તેમણે અમદાવાદના ખાદી ગ્રામઉદ્યોગમાંથી વિધિવત તાલીમ મેળવીને માત્ર 50 પેટીઓથી શરૂઆત કરી હતી.

આજે સાત વર્ષના અથાક પરિશ્રમ બાદ પાંચ એકર જમીનમાં "શ્રી રામરસ હની" ફાર્મ 600 પેટીઓના ઉત્પાદન સાથે આગળ વધી રહ્યું છે. મધમાખી ઉછેર હવે તેમના માટે માત્ર એક વ્યવસાય નથી રહ્યો, પણ તેમની આત્મનિર્ભરતા અને ગૌરવનો પાયો બની ગયો છે જેણે તેમનું આખું ભાગ્ય બદલી નાખ્યું છે.

**આજે સમગ્ર દુનિયા... પાના નં. 1નું અનુસંધાન**

રોકાણ કરી રહ્યું છે, જેના કારણે લાખો નવી નોકરીઓ સર્જાઈ રહી છે. વડા પ્રધાનશ્રીએ ભારપૂર્વક જણાવ્યું કે PLI યોજના હેઠળ દેશમાં રેકોર્ડ સ્તરે ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન વધી રહ્યું છે અને યુવાનો માટે વિશાળ પ્રમાણમાં રોજગાર સર્જાઈ રહ્યો છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ દેશની વૃદ્ધિ અને રોજગાર સર્જનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. છેલ્લા 12 વર્ષમાં રેલવે, હાઈવે, એરપોર્ટ, પોર્ટ્સ અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે ઝડપભેર વિકાસ થયો છે, જેના કારણે ગામડાંઓ સુધી વિકાસના લાભ પહોંચ્યા છે.

યુવાનોને સતત શીખતા રહેવા અને નવી ટેક્નોલોજી તથા નવી જરૂરિયાતો અનુસાર પોતાને તૈયાર રાખવાની અપીલ કરતાં શ્રી મોદીએ જણાવ્યું કે, Skill Development, Industry-Linked Education અને Future Technologies પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે. ITIs ને આધુનિક બનાવવામાં આવી રહ્યા છે અને નેશનલ સ્કીલ ટ્રેનિંગ ઈન્સ્ટીટ્યૂટને વધુ મજબૂત બનાવવામાં આવી રહ્યા છે. અને iGOT Karmayogi અને કર્મયોગી પ્રારંભ જેવા પ્લેટફોર્મનો વધુમાં વધુ ઉપયોગ કરવાની સલાહ આપી હતી.

ભારતના સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ અંગે વડા પ્રધાનશ્રીએ જણાવ્યું કે દેશ આજે વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ ધરાવે છે અને દેશમાં 2.30 લાખથી વધુ માન્ય સ્ટાર્ટઅપ્સ કાર્યરત છે. Tier-2 અને Tier-3 શહેરોના યુવાનો પણ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપી રહ્યા છે. તેમણે મહિલા શક્તિના વધતા યોગદાનની પણ પ્રશંસા કરી જણાવ્યું કે Women-Led Startups માં સતત વધારો થઈ રહ્યો છે. પ્રધાનમંત્રી મુદ્રા યોજના અને PM SVANidhi જેવી યોજનાઓ દ્વારા લાખો મહિલાઓ આત્મનિર્ભર બની રહી છે.

વડા પ્રધાનશ્રીએ નવા સરકારી કર્મચારીઓને સંવેદનશીલતા, જવાબદારી અને જનસેવાની ભાવના સાથે કાર્ય કરવાની અપીલ કરી જણાવ્યું કે સરકારી નોકરી માત્ર પદ નથી, પરંતુ લોકોના જીવનને સરળ બનાવવાનું એક માધ્યમ છે.

અંતમાં વડા પ્રધાનશ્રીએ "નાગરિક દેવો ભવ" મંત્રને યાદ અપાવતા કહ્યું કે, નાગરિકોની સેવા અને કલ્યાણ જ દરેક સરકારી કર્મચારીનું મુખ્ય કર્તવ્ય છે. તેમણે તમામ નિમણૂક પત્ર પ્રાપ્ત કરનાર યુવાનોને ઉજ્જવળ ભવિષ્ય અને સફળ જનસેવા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

# PMMSY હેઠળ મત્સ્યોદ્યોગ ક્ષેત્રે મોટો બદલાવ: FFPOs નું સરેરાશ ટર્નઓવર રૂા. 22 લાખને પાર, નાફેડ દ્વારા ડિજિટલ ક્રાંતિ

નવી દિલ્હી:- પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના (PMMSY) હેઠળ દેશનું મત્સ્યોદ્યોગ (ફિશરીઝ) ક્ષેત્ર એક મોટા પરિવર્તનનું સાક્ષી બની રહ્યું છે, જેમાં 'નેશનલ એગ્રિકલ્ચરલ કો-ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા' (NAFED) દેશભરમાં 'ફિશ ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન્સ' (FFPOs) ને મજબૂત કરવામાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે. તાજેતરના અહેવાલો અનુસાર, આ યોજના હેઠળ સહાય મેળવતા FFPOs એ સરેરાશ 22 લાખ રૂપિયાથી વધુનું વાર્ષિક ટર્નઓવર પ્રાપ્ત કર્યું છે, જે સામુદાયિક આધારિત મત્સ્ય ઉદ્યોગોની વધતી જતી આર્થિક સક્ષમતા દર્શાવે છે. માછીમારોને સંગઠિત બજારો અને ઓનલાઈન વ્યાપાર ચેનલો સાથે જોડવા માટે નાફેડ દ્વારા આ સંસ્થાઓનું 100 ટકા ડિજિટલાઈઝેશન કરવામાં આવ્યું છે, જેના અંતર્ગત તેમને GST, FSSAI અને ONDC (ઓપન નેટવર્ક ફોર ડિજિટલ કોમર્સ) જેવા અદ્યતન પ્લેટફોર્મ પર ઓનબોર્ડ કરવામાં આવ્યા છે.

આ સરકારી પહેલના કારણે માછીમાર



સમુદાયોમાં ખાસ કરીને મહિલા સંચાલિત ઉદ્યોગ સાહસિકતાને મોટું પ્રોત્સાહન મળ્યું છે. મધુર માછલીના અથાણાં (Fish Pickles) અને સૂકી માછલી (Dried Fish) જેવા મૂલ્યવર્ધિત ઉત્પાદનો (Value-added Products) તૈયાર કરીને મહિલાઓ ગ્રામીણ સ્તરે આજીવિકાના વધારાના સ્રોત ઊભા કરી રહી છે. આ ક્ષેત્રમાં માછીમારોની વ્યાપારી અને કાર્યકારી ક્ષમતાઓને વધુ સુદ્રઢ બનાવવા માટે, વિવિધ રાજ્યોમાં માછીમારો, સહકારી મંડળીઓ અને ઉત્પાદક જૂથો માટે 480 થી વધુ તાલીમ અને ક્ષમતા નિર્માણ કાર્યક્રમોનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું છે, જે બ્લુ ઈકોનોમી (મત્સ્ય અર્થતંત્ર) ને નવી ઊંચાઈઓ પર લઈ જઈ રહ્યું છે.

### બનાસ લક્ષ્મી અને બનાસ અમૃત

# બનાસ બેન્કની વિવિધ યોજનાઓ પશુપાલકો માટે ફાયદાકારક બની સહકારથી સમૃધ્ધિનો ઉદ્દેશ્ય પૂર્ણ કર્યો

પાલનપુર : બનાસકાંઠા જિલ્લાની જીવાદોરી સમાન ધી બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેંક લિ. બનાસ બેંક સહકાર થી સમૃદ્ધિના મંત્રને ખરા અર્થમાં સાકાર કરી રહી છે. બનાસ બેંક- ખેડૂતોની બેંકના સૂત્ર સાથે બનાસ બેંકે પશુપાલકો અને ખેડૂતોના આર્થિક ઉત્થાનમાં પાયાની ભૂમિકા ભજવી છે. અન્ય કોમર્શિયલ બેંકોની સરખામણીએ બનાસ બેંક તેની પારદર્શિતા અને ગ્રાહકલક્ષી અભિગમ માટે જાણીતી છે.

બનાસ બેંકના ચેરમેનશ્રી ડાહ્યાભાઈ પીલીયાતરે જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય સહકાર તથા ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહના 'છેવાડાના માનવી સુધી બેંકિંગ સુવિધા પહોંચાડવાના' સ્વપ્નને સાકાર કરવા બનાસ બેંક સતત કાર્યરત છે.

હાલમાં જિલ્લામાં 180થી વધુ એ.ટી.એમ અને 750થી વધુ માઈક્રો એ.ટી.એમ કાર્યરત કરવામાં આવ્યા છે, જેના કારણે ગ્રામ્ય વિસ્તારો સુધી બેંકિંગ સેવાઓ સરળતાથી ઉપલબ્ધ બની છે. બેંક દ્વારા 1 લાખથી વધુ ખેડૂતોને સહકારી મંડળીઓ મારફતે સીધું ધિરાણ આપવામાં આવે છે અને ખેડૂતો તથા પશુપાલકોની રૂ. 4500 કરોડથી વધુની થાપણો સંપૂર્ણ સુરક્ષિત હોવાનું તેમણે જણાવ્યું હતું. બનાસ બેંક પોતાના ગ્રાહકોને અન્ય બેંકોની સરખામણીએ વધુ નફાકારક યોજનાઓ પ્રદાન કરતી અગ્રણી સહકારી બેંક તરીકે ઉભરી આવી છે.

હાલમાં સામાન્ય મુદ્દતી થાપણ પર 7.25 ટકા થી 7.30 ટકા સુધીનું વ્યાજ આપવામાં આવે છે. રૂ.5 લાખ સુધીની થાપણો પર વીમા સુરક્ષા તથા 'બનાસ ગોલ્ડ' અને 'બનાસ અમૃત' જેવી યોજનાઓ હેઠળ 7.50 ટકા સુધીનું વ્યાજ તેમજ 'બનાસ લક્ષ્મી' યોજના હેઠળ માત્ર 10 વર્ષમાં રકમ બમણી થવાની સુવિધા જેવી યોજનાઓ ગ્રામ્ય પરિવારો માટે આશીર્વાદરૂપ બની રહી છે.

### કૃષિ ક્ષેત્રે મહત્વપૂર્ણ સાબિત થાય તેવુ સંશોધન

# સેન્સર – નો ફર્ટિલાઈઝરની મદદથી ઓછા ખર્ચે ભીંડા અને કોબીનું બમણું ઉત્પાદન

વડોદરા : એમ.એસ.યુનિવર્સિટીની ટેકનોલોજી ફેકલ્ટીના ત્રણ વિભાગના સંશોધકોની ટીમે સેન્સર ટેકનોલોજી, લેબોરેટરીમાં તૈયાર કરેલા નેનો ફર્ટિલાઈઝરની મદદથી ઓછા ખર્ચે ભીંડા અને કોબીનું ઉત્પાદન બમણું કરવામાં સફળતા મેળવી છે. આ સંશોધન કૃષિ ક્ષેત્રે મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે.

સંશોધકોએ જમીનના એક નાના હિસ્સામાં પરંપરાગત પધ્ધતિથી અને અન્ય હિસ્સામાં નવતર પધ્ધતિથી બે વખત કોબી અને ભીંડાનો પાક લીધો હતો. સંશોધકોનું કહેવું છે કે, જમીનમાં રહેલો ભેજ સુકાઈ ના જાય તે માટે જમીન પર શણને કવર તરીકે પાથર્યું હતું..તેની સાથે સાથે લેબોરેટરીમાં નેનો ફર્ટિલાઈઝરના ચાર કોમ્બિનેશન તૈયાર કરીને અલગ અલગ રીતે પ્રયોગ કર્યો હતો.આ પૈકી આયર્ન, કોપર, નાઈટ્રોજન, પોટાશ અને ફોસ્ફરસનું કોમ્બિનેશન સૌથી અસરકાર પુરવાર થયું હતું.સિંચાઈ માટે સેન્સર આધારિત ટેકનોલોજીનો ઉપયોગ કર્યો હતો.જેના કારણે ચોક્કસ સમયે ચોક્કસ માત્રામાં જ પાણી વાપરવાનું શક્ય બન્યું હતું. ઓછા પાણીનો ઉપયોગ છતાં કોબી અને ભીંડાનું બમણું ઉત્પાદન મળ્યું હતું. પરંપરાગ ખેતીમાં એક કોબીનું વજન 700



થી 800 ગ્રામ હતું તો અન્ય રીતે કરાયેલી ખેતીમાં દરેક કોબીનું સરેરાશ દોઢ કિલો વજન થતું હતું.

**બીજા શાકભાજી ઉગાડવા પણ શક્ય :**

લેબોરેટરીમાં ડેવલપ કરવામાં આવેલા નેનો ફર્ટિલાઈઝરનું જે કોમ્બિનેશન વધારે અસરકારક પૂરવાર થયું છે તેની પેટન્ટ લેવા માટે પણ સંશોધકોએ કવાયત શરૂ કરી છે. ઉપરાંત તેમનું કહેવું છે કે, અન્ય પ્રકારના શાકભાજી ઉગાડવા માટે પણ આ પધ્ધતિ થોડા ફેરફાર સાથે લાગુ કરી શકાય છે.

**પોષક તત્વોનું પ્રમાણ પણ વધારે :**

નવીન પધ્ધતિથી ઉગાડવામાં આવેલી કોબીનું સંશોધકોએ લેબોરેટરીમાં પરીક્ષણ કરાવ્યું હતુ અને તેમાં પોષક તત્વો પણ વધારે જોવા મળ્યા હતા.

જેમ કે તેમાં પ્રોટીનનું પ્રમાણ પરંપરાગત રીતે ઉગેલી કોબી કરતા દોઢ ગણું વધારે હોવાનું સામે આવ્યું હતું.

### પોરબંદરના ચોલીયાણા ગામના ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી કરી ઘઉંના જ્વારાનો પાવડર બનાવ્યો

# બીજા સ્ટેજના કેન્સર, મેદસ્વિતા અને થેલેસેમિયા જેવા રોગો સામે લડવા સક્ષમ હોવાનો દાવો

પોરબંદર : પોરબંદર નજીકનાં ચોલીયાણા ગામનાં ખેડૂતે પ્રાકૃતિક ખેતી દ્વારા ઘઉ જવારાના વાવી તેનો પાવડર બનાવ્યો છે. આ પાવડરના સેવનથી અનેક ગંભીર બીમારી સામે લડવા માટેની ક્ષમતા શરીર કેળવતું હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

પ્રાકૃતિક ખેતી કરતા ડાયાભાઈ ધોકિયાએ બીજામૃત અને જીવામૃત દ્વારા માત્ર 35 દિવસમાં ઘઉના જ્વારાનો પાક લઈ અઢી માસ આ જ્વારાને છાંયડે સુકવી કોઈ પણ પ્રકારનાં કેમિકલ, કલર અને ફ્લેવર મેળવ્યા વગર આ પાવડર તૈયાર કર્યો છે.

આ વીટગ્રામ પાવડર માનવ શરીર માટે સંજીવની જેવું કામ કરતો હોવાનું જણાવી ખેડૂતે ઉમેર્યું છે કે થાઈરોડ, બીજા સ્ટેજનું કેન્સર, થેલેસેમિયા ઓબેસિટી અને વિટામિન બી-12ની ઉણપ અને બિમારીમાં આ પાવડર અસરકારક કામગીરી કરે છે.

એલોપેથિક દવા લેતા દર્દીઓ આ પાવડરનું દવા સાથે સેવન કરે તો દવાની કોઈ સાઈડ ઈફેક્ટ થતી નથી. આ ખેતી ઝીરો બજેટ મોડેલ પર આધારિત હોવાથી પેકિંગ સિવાય ખેડૂતને કોઈ મોટો ખર્ચ થતો નથી.

FAO દ્વારા પ્રધાનમંત્રીને “Agricola Medal” થી સન્માન

# ભારત માટે કૃષિ માત્ર ઉત્પાદનનું સાધન નથી, પરંતુ માનવ અને ધરતી માતા વચ્ચેનો પવિત્ર સંબંધ છે : શ્રી નરેન્દ્રભાઈ મોદી

નવી દિલ્હી : પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને તા 20 મે, 2026ના રોજ રોમમાં ખાદ્ય અને કૃષિ સંગઠન (FAO) ના મુખ્યાલય ખાતે સંયુક્ત રાષ્ટ્રના ખાદ્ય અને કૃષિ સંગઠન (FAO) દ્વારા વર્ષ 2026 માટેના પ્રતિષ્ઠિત ‘એગ્રિકોલા મેડલ‘ થી સન્માનિત કરવામાં આવ્યા હતા. ભારતમાં અને વૈશ્વિક સ્તરે ખાદ્ય સુરક્ષા, ટકાઉ કૃષિ અને ગ્રામીણ વિકાસને સંબોધવા માટે તેમના અસાધારણ નેતૃત્વની માન્યતા રૂપે આ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. વડા પ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ FAOના મહાનિર્દેશક ડૉ. ક્યુ ડોંગ્યુ પાસેથી આ પુરસ્કાર સ્વીકારી જણાવ્યું કે, આ સન્માન માત્ર વ્યક્તિગત નથી, પરંતુ ભારતના કરોડો ખેડૂતો, પશુપાલકો, માછીમારો, કૃષિ વૈજ્ઞાનિકો અને શ્રમિકોનું ગૌરવ છે. ભારત માટે કૃષિ માત્ર ઉત્પાદનનું સાધન નથી, પરંતુ માનવ અને ધરતી માતા વચ્ચેનો પવિત્ર સંબંધ છે.

તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ભારત ટકાઉ, સ્થિતિસ્થાપક આબોહવા અને ભવિષ્ય માટે તૈયાર ખેતી ઇકોસિસ્ટમ તરફ આગળ વધી રહ્યું છે. દેશમાં વૈજ્ઞાનિક કૃષિને મિશન મોડમાં પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. સોઈલ હેલ્થ કાર્ડ્સ, “પર ડ્રોપ મોર ક્રોપ”, સૂક્ષ્મ સિંચાઈ, ચોકસાઇ ખેતી અને ડિજિટલ કૃષિ જેવી પહેલોથી ખેડૂતોને સીધો લાભ મળી રહ્યો છે.



ભારતના ખેડૂતો, કૃષિ વૈજ્ઞાનિકો અને અન્નદાતાઓને સમર્પિત કર્યો એવોર્ડ

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે ‘‘એગ્રીસ્ટેક, એઆઈ આધારિત એડવાઈઝરી સિસ્ટમ્સ, ડ્રોન, રિમોટ સેન્સિંગ અને સેન્સર આધારિત ટેક્નોલોજીઓ ભારતીય કૃષિને વધુ સ્માર્ટ અને Data-Driven બનાવી રહી છે. છેલ્લા દસ વર્ષમાં દેશમાં લગભગ 3,000 આબોહવા અનુકુળ પાકની જાતો વિકસાવવામાં આવી છે.

ભારતની કૃષિ સિદ્ધિઓનો ઉલ્લેખ કરતાં શ્રી મોદીએ કહ્યું કે ભારત આજે ફૂડ-સરપ્લસ નેશન તરીકે વૈશ્વિક ફુડ સિક્યુરિટીમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યું છે. દૂધ અને મસાલાના ઉત્પાદનમાં ભારત વિશ્વમાં અગ્રેસર છે, જ્યારે ચોખા, ઘઉં, ફળો, શાકભાજી અને કપાસના ઉત્પાદનમાં પણ ભારતનું મહત્વપૂર્ણ સ્થાન છે. ભારત પાસે વિશ્વની માત્ર અઢી ટકા કૃષિ જમીન હોવા છતાં વિશ્વની અઢાર ટકા વસ્તીને ખોરાક પૂરું પાડવાની ક્ષમતા છે, જે સમગ્ર ગ્લોબલ સાઉથ માટે પ્રેરણારૂપ છે.

FAO સાથે ભારતના દાયકાઓના સંબંધો અને શ્રી એમ. એસ. સ્વામીનાથન અને શ્રી બિનોય રંજન સેન જેવા મહાન વૈજ્ઞાનિકોના યોગદાનને યાદ કરી મિલેટ્સ અંગે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે તે માત્ર પૌષ્ટિક જ નથી, પરંતુ પર્યાવરણને અનુકૂળ પાક પણ છે, જેમાં ઓછા પાણી અને ઓછા રાસાયણિક ખાતરની જરૂર પડે છે. નાના અને વરસાદ આધારિત ખેતી કરતા ખેડૂતો માટે મિલેટ્સ આશીર્વાદ સમાન છે.

અંતમાં પ્રધાનમંત્રીએ “જય જવાન, જય કિસાન” નો સંદેશ આપતાં જણાવ્યું કે ખેડૂત માત્ર પાક જ નહીં, પરંતુ આવતી પેઢીઓ માટે વિશ્વાસ પણ વાવે છે. તેમણે ભૂખમરો, ગરીબી અને કુપોષણ સામે ભારત વૈશ્વિક સ્તરે સંપૂર્ણ પ્રતિબદ્ધતા સાથે કાર્ય કરતું રહેશે તેવી ખાતરી વ્યક્ત કરી હતી.

ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા સહકારી ઈન્સ્ટ્રક્ટરો માટે વિશિષ્ટ તાલીમ કાર્યક્રમ યોજાયો

# “ટ્રેનિંગ ઓફ ટ્રેનર્સ” કાર્યશાળા સહકારી શિક્ષણ અને તાલીમ ક્ષેત્ર માટે એક મજબૂત આધારસ્તંભ સમાન છે : શ્રી ઘનશ્યામભાઈ અમીન

કામરેજ : ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા રાજ્યમાં સહકારી શિક્ષણ અને તાલીમનું કામ કરતાં સહકારી ઈન્સ્ટ્રક્ટરોની વ્યાવસાયિક ક્ષમતામાં વધારો થાય તે માટે સહકારી ક્ષેત્રમાં આવેલ વિવિધ પરિવર્તનો, સહકારી કાયદા અને બેંકિંગ નિયમોમાં આવેલ નવા સુધારાઓ અને કાયદાકીય અપડેટ્સ, ટેકનોલોજીકલ પ્રગતિ, કૃષિ ધિરાણ, નવીનીકરણીય ઊર્જા અને આધુનિક તાલીમ વ્યવસ્થાપન પદ્ધતિઓ અંગે અદ્યતન માહિતી અને માર્ગદર્શન આપવા માટે તા. 6 મેથી તા. 8 મે, 2026 ત્રણ દિવસીય શ્રી દયાળજીભાઈ ગો. પટેલ સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, કામરેજ – સુરત મૂકામે ટ્રેનિંગ ઓફ ટ્રેનર્સ વિશિષ્ટ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત દીપપ્રાગટ્ય દ્વારા ગુજરાત રાજ્ય સહકારી સંઘના અધ્યક્ષ શ્રી ઘનશ્યામ અમીન, સુરત જિલ્લા સહકારી









સંઘના અધ્યક્ષ તથા ગુજરાત રાજ્ય સહકારી સંઘના માનદમંત્રીશ્રી ભીખા પટેલ, રાજ્ય સહકારી સંઘના માનદમંત્રીશ્રી અરવિંદ તાગડિયા, ગુજરાત અર્બન કો-ઓપરેટિવ બેંક ફેડરેશનના સીઈઓ શ્રી જે.વી. શાહ તથા એક્ઝિક્યુટિવ ઓફિસર ડૉ. રાજેન્દ્ર સી. ત્રિવેદી વગેરે મહાનુભાવોની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી.

દીપ પ્રગટાવી તાલીમ કાર્યશાળાનું ઉદ્ઘાટન કરતાં શ્રી ઘનશ્યામભાઈ અમીને “ટ્રેનિંગ ઓફ ટ્રેનર્સ” વિશિષ્ટ કાર્યશાળાને સહકારી શિક્ષણ અને તાલીમ ક્ષેત્ર માટે એક મજબૂત આધારસ્તંભ સમાન ગણાવી જણાવ્યું હતું કે, તાલીમ કાર્યશાળાઓ કર્મચારીઓની વ્યાવસાયિક ક્ષમતાઓમાં વધારો કરી સમગ્ર સહકારી ચળવળને વધુ સશક્ત અને પ્રગતિશીલ બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે. બદલાતા સમય અને નવી પડકારજનક પરિસ્થિતિઓમાં આવી કાર્યશાળાઓ સહકારી ક્ષેત્રને નવી દિશા અને નવી શક્તિ પ્રદાન કરે છે.

સહકારી બેંકિંગ ક્ષેત્રમાં બેંકિંગ નિયમન કાયદાના વધતા પ્રભાવ અંગે માર્ગદર્શન આપતાં શ્રી અમીને જણાવ્યું હતું કે, 28 સપ્ટેમ્બર, 2020 બાદ સહકારી બેંકો માટે જવાબદારી, સુશાસન અને નિયમનકારી પાલનના ધોરણોમાં નોંધપાત્ર વધારો થયો છે. શ્રી અમીને ડિરેક્ટર બોર્ડમાં વ્યાવસાયિક પ્રતિનિધિત્વ તથા આરબીઆઈ માર્ગદર્શિકાના પાલનની આવશ્યકતા પર વિશેષ ભાર મૂકતા જણાવ્યું હતું કે, બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં 51 ટકા ડિરેક્ટર્સ તજજ્ઞો હોવા જોઈએ તેમજ બેન્કના ચેરમેન પણ બેન્કિંગના જાણકાર હોવા જોઈએ. આ ઉપરાંત આર.બી.આઈ દ્વારા ઓડિટની પદ્ધતિમાં કરવામાં આવેલ ફેરફારો અને સહકારી કાયદાની વિવિધ ન્યાયીક કલમો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

તદઉપરાંત સુરત જિલ્લા સહકારીસંઘના અધ્યક્ષ અને રાજ્યસંઘના માનદમંત્રીશ્રી ભીખાભાઈ પટેલ અને રાજ્ય સહકારી સંઘના માનદમંત્રી શ્રી અરવિંદભાઈ તાગડીયાએ પ્રાસંગિક પ્રવચનમાં સી. ઈ. આઈ.ઓને સાંપ્રત પ્રવાહોથી માહિતગાર રહી ટેકનોલોજીથી અપડેટ થવા માર્ગદર્શન આપ્યું હતું.

રાજ્યસંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર ડો. રાજેન્દ્ર ત્રિવેદીએ પ્રાસંગિક પ્રવચન કરી સીઈઆઈ મહિલા સીઈઆઈની કામગીરીના પત્રકોમાં થતી ભૂલો અને તાલીમ ભાથુ મેળવી હોમવર્ક કરી તાલીમ આપવા જવા અંગે ભાર મૂક્યો હતો.

ત્રિદિવસીય કાર્યક્રમ દરમિયાન સહકારી ક્ષેત્રના અનુભવી નિષ્ણાતો દ્વારા વિવિધ મહત્વપૂર્ણ વિષયો પર સત્રો યોજાયામાં આવ્યા હતા. ભરૂચ જિલ્લા સહકારી બેંકના સલાહકાર શ્રી આર.પી. રાવલ દ્વારા સી.ઇ.આઇ./એમ.સી.ઇ.આઇ.ના કાર્યની અસરકારકતા વધારવા માટેના સૂચનો, સહકારી મંડળીઓની ચૂંટણી અને મહત્વપૂર્ણ કલમો, બેલેન્સ શીટ વિશ્લેષણ તથા સહકારી કાયદો અને તાજેતરના સુધારા અંગે, ભરૂચ જિલ્લા સહકારી બેંકના આસિસ્ટન્ટ મેનેજર શ્રી હરદીપસિંહ ગોહિલે “બેંકના સંદર્ભમાં સાયબર ક્રાઈમ” અને “સાયબર છેતરપિંડી તથા કૃત્રિમ બુદ્ધિ” વિષય પર, સુમૂલ ડેરીના સિનિયર મેનેજર શ્રી આર.સી. પટેલે “ડેરી વિકાસ – પાયલોટ પ્રોજેક્ટ” અંગે, જ્યારે સુરત જિલ્લા સહકારી બેંકના મેનેજર શ્રી સુનિલ પટેલે “પીએસીએસ કોમ્પ્યુટરાઈઝેશન – ભારત સરકાર એમઓસી” વિષય વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

જ્યારે બીજા સત્રમાં ગુજરાત અર્બન કો-ઓપરેટિવ બેંક ફેડરેશનના સીઈઓ શ્રી જે.વી. શાહ દ્વારા “KYC”, “બેંકિંગ વ્યવસાયમાં સાવચેતીઓ”, “મૂડી રોકાણ” અને “શાખા અધિકૃતતા માટે પાત્રતા માપદંડ” અંગે, સુરત ડિસ્ટ્રિક્ટ કોઓપરેટિવ બેંકના ભૂતપૂર્વ આસિસ્ટન્ટ જનરલ મેનેજર તથા વરિષ્ઠ નિષ્ણાત શ્રી મણિભાઈ પટેલે “KCC ધિરાણ”, “વ્યાજ દરો”, “KCC પુનર્ધિરાણ”, “વ્યાજ સબવેન્શન”, “KCC-NPA રિકવરી” અને કાનૂની કાર્યવાહી અંગે, સહકારી મંડળીઓના ભૂતપૂર્વ સંયુક્ત રજિસ્ટ્રાર શ્રી જે.જે. શાહે સહકારી કાયદામાં થયેલા તાજેતરના સુધારા તથા કાનૂની પાલન અંગે માહિતી અને માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમના ત્રીજા દિવસે સહાયક શિક્ષણ અધિકારી શ્રી દીપશિખા ઠાકુરે “પ્રભાવી તાલીમ અને સંચાલન માટે સાધનો અને તકનીકો” અંગે, JCTC અમદાવાદના વ્યાખ્યાતા શ્રી રોનક પટેલે “ટકાઉ કૃષિમાં નવીનીકરણીય ઊર્જાની ભૂમિકા” તેમજ ડૉ. ફાલ્ગુની પટેલે “અદ્યતન એગ્રો-ટેકનોલોજી અને ડ્રોન ટેકનોલોજી” વિષય પર ચર્ચા કરી હતી, જ્યારે JCTC મહેસાણાના પ્રિન્સિપાલ શ્રી અલ્પેશ રાવલે “સહકારી ક્ષેત્રે નાણાકીય વ્યવસ્થાપન” વિષય પર માર્ગદર્શન આપ્યું હતું.

સમાપન સમારોહ દરમિયાન વરાછા સહકારી બેંકના સ્થાપક અધ્યક્ષ શ્રી પી.બી.

અનુસંધાન પાના નંબર : 2

## મહિલાઓના રોજગાર દરમાં લગભગ બમણો વધારો

નવી દિલ્હી : પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ, દેશમાં મહિલાઓ માટે વધુ અનુકૂળ તકો ખૂલી રહી છે, જેના કારણે મહિલા રોજગાર સૂચકાંકોમાં અભૂતપૂર્વ સુધારો થયો છે. છેલ્લા સાત વર્ષમાં મહિલા શ્રમબળ ભાગીદારી નોંધપાત્ર રીતે વધી છે. 2017-18માં 23.3% હતી જે 2025માં 40% થઈ ગઈ છે. આ જ સમયગાળા દરમિયાન, મહિલા શ્રમબળ ગુણોત્તર 22% થી વધીને લગભગ 39% થયો છે. વધુમાં, મહિલા બેરોજગારી દર 5.6% થી ઘટીને 3.1% થયો છે. આ સૂચવે છે કે રોજગાર શોધતી મહિલાઓ હવે વધુ સફળતાપૂર્વક રોજગાર મેળવી રહી છે. કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે ભારતનું સામાજિક સુરક્ષા કવરેજ છેલ્લા દાયકામાં લગભગ ત્રણ ગણું વધ્યું છે, જે 2015માં 19% હતું જે 2025માં 64.3% થી વધુ થયું છે. તેમણે જણાવ્યું હતું કે આ શ્રમ કાયદા સુધારણા, ડિજિટલ સમાવેશ અને લક્ષિત કલ્યાણ વિતરણ જેવા ક્ષેત્રોમાં સતત નીતિગત કાર્યવાહીનું પરિણામ છે.

## પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર 2026 માટે નોંધણી કરાવો

જો તમે પોતાને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર 2026 માટે લાયક માનતા હો, તો નોંધણી કરો. નોંધણી માટેની છેલ્લી તારીખ 31 જુલાઈ, 2026 છે. આ પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય પુરસ્કાર દર વર્ષે દેશભરના બાળકોની અસાધારણ સિદ્ધિઓને માન્યતા આપવા માટે આપવામાં આવે છે.

આ પુરસ્કાર એવા બાળકોને આપવામાં છે જેમણે બહાદુરી, રમતગમત, સમાજ સેવા, વિજ્ઞાન અને ટેકનોલોજી, પર્યાવરણ અને કલા અને સંસ્કૃતિના ક્ષેત્રોમાં રાષ્ટ્રીય ઓળખ પ્રાપ્ત કરી છે. ભારતમાં રહેતા કોઈપણ ભારતીય નાગરિક, 31 જુલાઈ, 2026 સુધીમાં 5 થી 18 વર્ષની વયના, પુરસ્કારો માટે પાત્ર છે. નોંધણી ફક્ત રાષ્ટ્રીય એવોર્ડ પોર્ટલ awards.gov.in પર સ્વીકારવામાં આવશે. પુરસ્કારો માટે સ્વ-નામાંકન અને ભલામણો બંને ધ્યાનમાં લેવામાં આવશે.

# આરબીઆઇએ બેન્કિંગ સિસ્ટમમ રૂ.81,590 કરોડની મૂડી ઠાલવી

નવી દિલ્હી : રિઝર્વ બેન્કે શુક્રવારે વેરિયેબલ રેટ રેપો હરાજી દ્વારા બેન્કિંગ સિસ્ટમમાં રૂા. 781,590 કરોડનો રોકડ પ્રવાહ ઉમેર્યો છે. કામચલાઉ લિક્વિડિટી એટલે નાણાકીય અથવા બેન્કિંગ સિસ્ટમમાં રોકડ પ્રવાહની અસ્થાયી વધ-ઘટ, જ્યારે વેરિયેબલ રેટ રેપો હરાજી એ બેન્કિંગ સિસ્ટમમાં ટૂંકા ગાળાની લિક્વિડિટી ઉમેરવા માટે આરબીઆઈ દ્વારા ઉપયોગમાં લેવાતું એક નાણાકીય સાધન છે.

આ ભંડોળ 5.26 ટકાના કટ-ઓફ દરે પૂરું પાડવામાં આવ્યું હતું. બેન્કિંગ સિસ્ટમમાં લિક્વિડિટી સરપ્લસમાં તીવ્ર ઘટાડો થયો હોવા છતાં, ભંડોળની માંગ રૂા. 1 લાખ કરોડની સૂચિત રકમ કરતાં ઓછી રહી હતી. જો કે, 21 મેના રોજ યોજાયેલી અગાઉની હરાજીની સરખામણીમાં શુક્રવારની હરાજીમાં બેન્કો તરફથી માંગ વધુ જોવા મળી છે.

હાલમાં, બેન્કિંગ સિસ્ટમમાં લિક્વિડિટી સરપ્લસ 21 મેના રોજ અંદાજે રૂા. 758,876.29 કરોડ હોવાનો અંદાજ છે, જે 20 મેના રોજ રૂા. 1.51 લાખ કરોડ હતો. લિક્વિડિટી સરપ્લસમાં આવેલી આ ખેંચને કારણે ઓવરનાઈટ કોલ મની રેટમાં તીવ્ર ઉછાળો આવ્યો છે. નાણા બજારના નિષ્ણાતો અપેક્ષા રાખી રહ્યા છે કે બદલાતી આરબીઆઈ લિક્વિડિટીની પરિસ્થિતિઓને સંભાળવા માટે આગામી સમયમાં અન્ય એક VRR હરાજીની જાહેરાત કરી શકે છે. જ્યારે બેન્કિંગ સિસ્ટમમાં રોકડની અછત વર્તાય, ત્યારે બેંકો માટે ફંડ મેળવવું મોંઘું બને છે (જેમ કે કોલ મની રેટ વધવો). આરબીઆ VRR હરાજી દ્વારા સિસ્ટમમાં નાણાં ઠાલવીને આ ખેંચ દૂર કરે છે, જેથી બેંકો પાસે પૂરતી રોકડ રહે અને વ્યાજ દરો સ્થિર જળવાઈ રહે.

**RBI સરકારને રેકોર્ડ રૂ.2.87 લાખ કરોડ ડિવિડન્ડ ચુકવશે :**

રિઝર્વ બેન્ક નાણાંવર્ષ 2025-26 માટે સરકારને રેકોર્ડ રૂ. 2.87 લાખ કરોડ ડિવિડન્ડની ચૂકવણી કરશે. વૈશ્વિક સ્તરે ભૌગોલિક રાજકીય પડકારો વચ્ચેઆ ડિવિડન્ડથી રાહત મળશે. વર્ષ 2024-25 માટે આ રકમ રૂ. 2.69 લાખ કર હતી. જે વર્ષ 2023-24ની રકમ કરતાં 27.4% વધુ હતી. રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાએ વર્ષ 2023-24 માટે સરકારને રૂ. 2.1 લાખ કરોડનું ડિવિડન્ડ તેમ 2022-23 માટે રૂ. 87,416 કરોડના ડિવિડન્ડની ચૂકવણી કરી છે.

# ઈફ્કો (IFFCO) પર્યાવરણ સુરક્ષા ઉત્પાદન તરફ અગ્રેસર: પરાદીપ પ્લાન્ટ આત્મનિર્ભર બન્યો, સોલાર ઊર્જા અને નેનો ફર્ટિલાઈઝર પર વિશેષ ભાર

નવી દિલ્હી : સહકારી ક્ષેત્રની અગ્રણી ખાતર ઉત્પાદક કંપની ઈફ્કો (IFFCO) ના મેનેજિંગ ડિરેક્ટરશ્રી કે. જે. પટેલે જવાબદાર અને ટકાઉ ઉત્પાદન (Sustainable Manufacturing)ના મહત્વપર ભારમૂકતા જણાવ્યું છે કે, સંસ્થા પોતાની તમામ ઉત્પાદન સુવિધાઓમાં પુનઃપ્રાપ્ય ઊર્જા (Renewable Energy) ના ઉપયોગને સતત મજબૂત કરી રહી છે. તેમણે માહિતી આપી હતી કે ઈફ્કોના પરાદીપ પ્લાન્ટે કાર્યકારી સ્તરે સંપૂર્ણ આત્મનિર્ભરતા (Operational Self-sufficiency) હાસલ કરી લીધી છે, જે કાર્યક્ષમ અને ટકાઉ ઔદ્યોગિક કામગીરી તરફ એક મહત્વપૂર્ણ કદમ છે.



શ્રી પટેલના જણાવ્યા અનુસાર, ઈફ્કો તેના તમામ પ્લાન્ટ્સમાં સૌર ઊર્જા (Solar Power) સહિતના પુનઃપ્રાપ્ય ઊર્જાના સ્રોતોને સક્રિયપણે પ્રોત્સાહન આપી રહી છે. કંપનીનો આ પ્રયાસ પર્યાવરણ પ્રત્યેની જવાબદારી અને ટકાઉ કૃષિ વિકાસ પ્રત્યેની તેની વ્યાપક પ્રતિબદ્ધતાને અનુરૂપ છે. પર્યાવરણ પર થતી વિપરીત અસરોને ઘટાડવા અને ટકાઉ ખેતીને ટેકો આપવાના ભાગરૂપે ઈફ્કો હાલમાં આધુનિકીકરણ, ઊર્જા કાર્યક્ષમતા અને નવીન સંશોધનો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે, જેમાં ‘નેનો ફર્ટિલાઈઝર્સ’ (Nano Fertilizers) ના વપરાશને પ્રોત્સાહન આપવાનો પણ સમાવેશ થાય છે.

# વૈજ્ઞાનિક પદ્ધતિથી થતું મધમાખી ઉછેર ગ્રામીણ વિકાસ, રોજગાર નિર્માણ અને કૃષિ સમૃદ્ધિ માટે એક મજબૂત સ્તંભ તરીકે ઉભરી રહ્યું છે : સહકાર મંત્રાલય

**વિશ્વ મધમાખી દિવસે ભારતે ‘મીઠી ક્રાંતિ’ તરફ ડગ માંડ્યા: મધની નિકાસમાં ભારત વિશ્વમાં બીજા ક્રમે**

નવી દિલ્હી : વિશ્વ મધમાખી દિવસ 2026 નિમિત્તે કેન્દ્રીય સહકારિતા મંત્રાલયે ભારતમાં “મીઠી ક્રાંતિ” (સ્વીટ રિવોલ્યુશન)ની વધતી જતી સફળતા પર પ્રકાશ પાડ્યો છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, સહકારી સંસ્થાઓના નેતૃત્વમાં વૈજ્ઞાનિક પદ્ધતિથી થતું મધમાખી ઉછેર ગ્રામીણ વિકાસ, રોજગાર નિર્માણ અને કૃષિ સમૃદ્ધિ માટે એક મજબૂત સ્તંભ તરીકે ઉભરી રહ્યું છે.

સહકાર, કૃષિ અને ટેકનોલોજીના સમન્વયથી દેશભરના ખેડૂતો સશક્ત બની રહ્યા છે અને તેનાથી ‘આત્મનિર્ભર ભારત’ના સંકલ્પને વેગ મળી રહ્યો છે. મધના ઉત્પાદન અને નિકાસને ઝડપી બનાવવા માટે વર્ષ 2020-21થી 2025-26 દરમિયાન રૂપિયા 500 કરોડના નાણાકીય આયોજન સાથે અમલમાં મૂકાયેલા ‘નેશનલ બીકીપિંગ એન્ડ હની મિશન’ (NBHM) એ ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. આ મિશનનો મુખ્ય ઉદ્દેશ્ય ખેડૂતોમાં જાગૃતિ લાવવા, વૈજ્ઞાનિક મધમાખી ઉછેરને પ્રોત્સાહન આપવા અને મધ સંબંધિત ઉત્પાદનોની ગુણવત્તા તેમજ બજાર મૂલ્ય સુધારવાનો છે.



મંત્રાલયના આંકડા અનુસાર, વર્ષ 2024માં ભારતમાં અંદાજે 1.4 લાખ મેટ્રિક ટન મધનું ઉત્પાદન થયું છે, જે આ ક્ષેત્રની સતત પ્રગતિ દર્શાવે છે. આ સાથે જ, વર્ષ 2023-24 દરમિયાન દેશે લગભગ 1.07 લાખ મેટ્રિક ટન મધની નિકાસ કરી હતી, જેની કુલ કિંમત અંદાજે 177.55 મિલિયન ડોલર (અંદાજે ₹1475 કરોડથી વધુ) નોંધાઈ છે. આ વૈશ્વિક માગને કારણે ભારત હવે વિશ્વમાં મધનો બીજો સૌથી મોટો નિકાસકાર દેશ બની ગયો છે, જે સરકારી નીતિઓ, ખેડૂતોની ભાગીદારી અને સહકારી મોડલની સફળતા સાબિત કરે છે. સહકારી માળખાના લીધે ગ્રામિણ અને આદિવાસી વિસ્તારોના નાના તેમજ સીમાંત ખેડૂતોને તાલીમ, ટેકનોલોજી અને બજારની બહેતર તકો મળી રહી છે. સરકારનું માનવું છે કે મધમાખી ઉછેર માત્ર ખેડૂતોની આવક જ નથી વધારતું, પરંતુ પરાગનયન (Pollination) દ્વારા કૃષિ ઉત્પાદકતા અને ટકાઉ ખેતીમાં પણ મદદરૂપ બને છે. આ “મીઠી ક્રાંતિ” આગામી સમયમાં ગ્રામીણ અર્થતંત્રને મજબૂત કરવામાં મોટો ફાળો આપશે.

Publisher, Printer & Editor : Dr. Rajendra C. Trivedi, Owner : Gujarat State Cooperative Union, ‘SAHYOG’, Relief Road, Ahmedabad-380001 Published From : Gujarat State Cooperative Union, ‘SAHYOG’, Relief Road, Ahmedabad-380001 Printed at : Bhaskar Printing Press, Survey No. 148-P, Near Naagdevta Temple, Changodar-Bavla Highway, Ta. Sanand, Dist. Ahmedabad, Gujarat.

SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO’s, Ahmedabad city on permitted to post at and Ahmedabad unaccountable L1 on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 Published on 05-06-2026